પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૧) અંક નં. ૩૨૭ | ૮ ફેબ્રુઆરી, ૨૦૧૭, બુધવાર ; મહા સુદ - ૧૨ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

## ન્યુઝ ટ્રેક

### નોબેલ વિજેતા કૈલાસ સત્યાર્થીને ત્યાં ચોરી



નોબેલ પારિતોષિક વિજેતા કૈલાસ સત્યાર્થીના દિલ્હી ખાતેના નિવાસસ્થાને સોમવારે રાત્રે ચોરી થઈ છે. નોબેલ પારિતોષિકની રેપ્લિકા, થોડાક રોકડ અને દાગીનાની ચોરી થઈ છે.

### રાજનાથસિંહ દીકરાના પ્રચારમાં નહીં જોડાય



કેન્દ્રિય ગૃહમંત્રી રાજનાથસિંહ ઉત્તરપ્રદેશના નોઈડા બેઠક પરથી ભાજપના ઉમેદવાર તરીકે ચૂંટણી લડી રહેલા તેમના પુત્ર પંકજસિંહના ચૂંટણી પ્રચારમાં જોડાશે નહી. અગાઉ પરિવારવાદનો આક્ષેપ થયો હોવાના પગલે રાજનાથસિંહે આ નિર્ણય લીધો છે.

### ખુર્જા બેઠકમાં આરએલડીના ઉમેદવારના ભાઈની હત્યા

ઉત્તરપ્રદેશના ખુર્જા બેઠક પર ચૂંટણી લડી રહેલ આરએલડીના ઉમેદવાર મનોજ ગૌતમના સગાભાઈની કરપીણ હત્યા ધોળે દિવસે થઈ છે. મોટરસાયકલ પર આવેલા બે અજાણ્યા શખ્સોએ ગોળી મારી હત્યા કરી હતી.

### ઈસરો નવો વિક્રમ સ્થાપવાની દિશામાં

ઈન્ડીયન સ્પેસ રીસર્ચ ઓર્ગેનાઈઝેશન ૧૫મી ફેબ્રુઆરીએ સવારે નવ વાગે એક સાથે ૧૦૪ સેટેલાઈટ લોન્ચ કરશે. જેમાં ભારતના ૩, અમેરીકાના ૮૮ અને અન્ય દેશોના ૧૩ સેટેલાઈટ લોન્ચ કરશે.

### ટ્રાફિક જામથી દિલ્હીમાં વર્ષે ૬૦ હજાર કરોડનું નુકશાન

ટ્રાફિક જામ થતા માત્ર દિલ્હીમાં જ વર્ષે ૬૦ હજાર કરોડનુ નુકશાન થાય છે. એમ આઈઆઈટી, ચેન્નાઈ દ્વારા કરાયેલ અભ્યાસ અહેવાલમાં જણાવાયુ છે. વર્ષ ૨૦૩૦માં નુકશાનનો આંકડો ૯૮ હજાર કરોડે પહોંચી જશે.

# નોટબંધી સમયસરનો નિર્ણય : મોદી

## નોટબંધી, બ્લેકમની અને ભ્રષ્ટાચાર સહિતના મુદ્દા ઉપર વિપક્ષના આક્ષેપોનો જવાબ આપ્યો : કોંગ્રેસ અને રાહુલ ગાંધી પર તેજાબી પ્રહારો કર્યા



નવીદિલ્હી, તા. ૭

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આજે લોકસભામાં રાષ્ટ્રપતિ પ્રણવ મુખર્જીના અભિભાષણનો જવાબ આપ્યો હતો. આ ગાળા દરમિયાન મોદીએ કોંગ્રેસ અને રાહુલ ગાંધી ઉપર તેજાબી પ્રહારો કર્યા હતા. વિપક્ષને જોરદાર જવાબ આપીને રાજકીય ગરમી જગાવી હતી. વડાપ્રધાને કવિતાને લઈને શાસ્ત્રોની લાઈનોનો ઉલ્લેખ કર્યો હતો. મોદી પોતાના ભાષણ દરમિયાન અનેક વખત ગંભીર જ્યારે અનેક વખત મજાકના મૂડમાં દેખાયા હતા. મોદીએ કહ્યું હતું કે, બેનામી સંપત્તિ રાખનાર લોકો સામે કઠોર પગલા લેવામાં આવશે. ગરીબ લોકોના અધિકારીઓને પરત આપવા જ પડશે. તેમણે એમ પણ કહ્યું હતું કે, કોઈ વ્યક્તિ કેટલી પણ મોટી કેમ ન હોય ગરીબોના અધિકારો આપવા જ પડશે. તેઓ ગરીબી સામે લડતા રહ્યા છે અને ભવિષ્યમાં પણ લડતને જારી રાખશે. વડાપ્રધાનો બિનહિસાબી સંપત્તિને લઈને આવનાર દિવસોમાં વધુ કઠોર પગલા લેવાનો સંકેત આપ્યો હતો. તેમણે ઉમેર્યું હતું કે, તમામ લોકો મુખ્ય પ્રવાહમાં સામેલ થઈને ગરીબોની મદદ કરવા યોગદાન આપે તે જરૂરી છે. બેનામી સંપત્તિ ધરાવનાર લોકો સામે કઠોર જોગવાઈ કરવામાં આવી રહી છે.તેમણે ઉમેર્યું હતું કે, ક્લિન ઈન્ડિયાની જેમ જ આર્થિક સ્તરે સ્વચ્છ ભારત માટે આ અભિયાન જારી છે. બિનહિસાબી સંપત્તિ સંબંધિત કાયદાનો અમલ ન થાય તે માટે કોંગ્રેસે ઘણા પ્રયાસો કર્યા હતા. વડાપ્રધાને પ્રશ્ન કરતા કહ્યું હતું કે, ૧૯૮૮માં જ્યારે રાજીવ ગાંધી વડાપ્રધાન હતા ત્યારે આવા કોઈ પગલા હાથ ધરાયા ન હતા. વડાપ્રધાને દાવો કરતા કહ્યું હતું કે, ૨૬ વર્ષ પહેલા જો કાયદાની તરફ

● અનુ. સાતમા પાને...

## વ્યાજ દર ઘટી શકે છે

### આજે રિઝર્વ બૅન્કની નાણાંકીય નીતિની સમીક્ષા બેઠક

નવી દિલ્હી, તા. ૭

જેની ઉત્સુકતાપૂર્વક શેરબજાર, કોર્પોરેટ જગત અને કારોબારી રાહ જોઈ રહ્યા છે તે આરબીઆઈની બે દિવસની પોલીસી સમીક્ષા બેઠક આજે શરૂ થઈ ગઈ છે. વ્યાજદરમાં વધુ ઘટાડો કરવામાં આવશે કે કેમ તે અંગે અંતિમ નિર્ણય આવતીકાલે લેવામાં આવનાર છે. નોટબંધી, વૈશ્વિક ઘટનાક્રમ અને વૈશ્વિક તેલ કિમતોને પણ વ્યાજદરમાં ફેરફાર કરતી વેળા ધ્યાનમાં લેવામાં આવનાર છે. હાલમાં જ કરવામાં આવેલા સર્વે મુજબ ૧૦ બેંક અર્થશાસ્ત્રી પૈકી સાત માની રહ્યા છે કે આરબીઆઇ વ્યાજદરમાં અથવા તો રેપો રેટમાં ૨૫ બેઝિક પોઈન્ટનો ઘટાડો કરશે. આવી રીતે ત્રણ નિષ્ણાંતો માને છે કે રેપો રેટને હાલમાં યથાવત રાખવામાં આવનાર છે.

સર્વિસ સેક્ટરમાં જાન્યુઆરી મહિનામાં ઘટાડો થઈ ચુક્યો છે. એમપીસી ભલામણના આધાર પર આ ત્રીજી પોલિસી સમીક્ષા જારી કરવામાં આવનાર છે. આરબીઆઈના ગવર્નર ઉર્જિત પટેલના નેતૃત્વમાં છ સભ્યોની મોનિટરી પોલિસી કમિટી (એમપીસી) દ્વારા બેંચમાર્ક રેપોરેટમાં ઘટાડો કરવાને લઈને ચર્ચા થઈ શકે છે. અલબત્ત બેંકો અને ઈન્ડસ્ટ્રી દ્વારા વ્યાજદરમાં ઘટાડો કરવા માટે દબાણ લાવવાના પ્રયાસ થઈ રહ્યા છે. ઉર્જિત પટેલ ૮મી ફેબ્રુઆરીના દિવસે સાવધાનીપૂર્વકનું વલણ અપનાવી શકે છે. ક્રૂડ ઓઈલની કિંમતમાં વધારો થઈ રહ્યો છે. ડોનાલ્ડ ટ્રમ્પ દ્વારા અમેરિકાના પ્રમુખ તરીકેની જવાબદારી સંભાળી લીધા બાદ ક્રૂડની અસર દેખાઈ રહી છે. સબસિડી ખર્ચના મોરચે નાણામંત્રાલય દ્વારા સરેરાશ ક્રૂડ ઓઈલની કિંમતને પણ ધ્યાનમાં લેવામાં આવી છે. ઓક્ટોબર મહિનામાં આરબીઆઈના ગવર્નર તરીકે પોતાની પ્રથમ પોલિસી સમીક્ષામાં ઉર્જિત પટેલે રેપોરેટમાં ૦.૨૫ ટકાનો ઘટાડો કરી દીધો હતો. આની સાથે જ રેટને ઘટાડીને ૬.૨૫ ટકા કરાયો હતો. ત્યારબાદ ડિસેમ્બર મહિનામાં પોલિસી સમીક્ષાની બેઠક મળી હતી જેમાં રેપોરેટ ૬.૨૫ ટકાના દરે જાળવી રાખવામાં આવ્યો હતો. જો કે, આરબીઆઈએ જાન્યુઆરી ૨૦૧૫ બાદથી રેપોરેટમાં ૧.૭૫ ટકાનો ઘટાડો કર્યો છે. ઈન્ડસ્ટ્રી બોડી ફિક્કીના કહેવા મુજબ આરબીઆઈ આગામી નાણાંકીય નીતિ સમીક્ષામાં યથાસ્થિતિ જાળવી શકે છે.

## ભારત વિશ્વમાં બીજો સૌથી મોટો એલપીજીનો વપરાશકાર દેશ

નવી દિલ્હી,તા. ૭

ભારત એલપીજીનો ઉપયોગ કરનાર દુનિયામાં બીજા સૌથી મોટા દેશ તરીકે છે. આના કારણે દેશની મોટી ગરીબી વસ્તીને ધુમાડાથી રાહત આપવા માટેના પ્રયાસ કરવામાં આવી રહ્યા છે. કેન્દ્ર સરકાર તરફથી હવે એલપીજી યોજના અને સબસિડીની રકમ યોગ્ય લાભ મેળવનાર લોકો સુધી પહોંચાડી દેવાના પ્રયાસ ચાલી રહ્યા છે. સ્થાનિક એલપીજી વપરાશ વધીને ૧.૯ કરોડ ટન સુધી પહોંચી ગઈ છે. વાર્ષિક આધાર પર આ વધારો ૧૯ ટકાની આસપાસનો છે. વપરાશમાં વધુ વધારો થવાની શક્યતા છે. શહેરી વિસ્તારોમાં એલપીજી ગ્રાહકોની સંખ્યા વધવા અને ઉજ્જવલા યોજના વધારે અસરકારકરીતે અમલી બનાવવાના કારણે એલપીજી વપરાશનો આંકડો બે કરોડ ટન સુધી પહોંચી જવાની શક્યતા છે. ઉજ્જવલા યોજના હેઠળ કેન્દ્ર સરકાર વર્ષ ૨૦૧૯ સુધી પાંચ કરોડ ગરીબ પરિવારોને મફત એલપીજી કનેક્શન આપવાની દિશામાં આગળ વધી રહી છે.

## દિલ્હી-ઉત્તરાખંડમાં પુનઃ આંચકો

નવી દિલ્હી,તા. ૭

દિલ્હી-એનસીઆર અને ઉત્તરાખંડમાં આજે સવારે ફરી એકવાર ભૂકંપનો આંચકો અનુભવાયો હતો. જેના કારણે લોકોમાં વ્યાપક દહેશત ફેલાઈ ગઈ હતી. સવારે ૧૦-૩૦ વાગ્યાની આસપાસ આ આંચકો આવ્યો હતો. આંચકાની અસર ૩૦ સેકન્ડ સુધી રહી હતી. ભૂકંપનુ કેન્દ્ર ઉત્તરાખંડમાં રુદ્રપ્રયોગ જિલ્લામાં હોવાનુ જાણવા મળ્યુ છે. ભૂકંપ સાથે સંબંધિત મંત્રાલયના અધિકારીઓએ માહિતી આપતા કહ્યુ હતુ કે લોકો તેમના ઘરમાંથી બહાર દોડી ગયા હતા. ભૂકંપ જમીનની નીચે હોવાથી નુકસાન ટળી ગયુ છે.

ઉત્તરાખંડ હિમાલિયન પટ્ટામાં આવે છે. જ્યાં સામાન્ય રીતે સેસમિક પ્રવૃતિ જોવા મળી રહી છે. સવારમાં પંજાબ, હરિયાણા, રાષ્ટ્રીય પાટનગર દિલ્હી, ચંદીગઢ અને અન્ય વિસ્તારોમાં પણ આંચકો અનુભવાયો હતો. આંચકો આવ્યા બાદ વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ તરત જ અધિકારીઓ સાથે વાતચીત કરી હતી.

## દુબઈમાંથી ઝડપાયો ટ્રેન દુર્ઘટનાઓનો માસ્ટર માઈન્ડ

### આઈએસઆઈ એજન્ટ હુદા નેપાળ પ્રત્યાર્પિત

નવી દિલ્હી,તા. ૭

કાનપુર અને અન્ય કેટલીક રેલવે દુર્ઘટનાના મામલે શકાસ્પદ પાકિસ્તાની ગુપ્તચર સંસ્થા આઈએસઆઈનો ખતરનાક એજન્ટ શમશુલ હુદા પર સકંજો જમાવી લેવામાં આવ્યા બાદ તેને હવે દુબઈથી પ્રત્યાર્પણ કરીને નેપાળ લાવવામાં આવ્યો છે. હાલમાં જ બિહાર પોલીસની તપાસમાં જાણવા મળ્યુ હતુ કે કાનપુર રેલવે અકસ્માત માટે ખતરનાક કાવતરૂ ઘડી કાઢવામાં આવ્યુ હતુ. બિહાર પોલીસની તપાસમાં હાલમાં હુડા સાથે સંબંધ ધરાવનાર શખ્સોએ કહ્યુ હતુ કે અકસ્માત માટે કાવતરૂ ઘડી કાઢવામાં આવ્યુ હતુ. આઈએસઆઈ એજન્ટ હુદા એક નેપાળી નાગરિક છે. નેપાળ પહોંચી ગયા બાદ તેને વિધિવતરીતે કસ્ટડીમાં લઈ લેવામાં આવ્યો હતો. અહીં રો, એનઆઈએ અને ઈન્ટેલિજન્સના અધિકારીઓ રહેલા છે. માનવામાં આવે છે કે આ તમામ અધિકારી હવે હુદાની પુછપરછ કરી શકે છે. કાનપુર નજીક થયેલી ટ્રેન દુર્ઘટનામાં ૧૫૦થી વધારે લોકોના મોત થયા હતા. જ્યારે અકસ્માતમાં ૨૦૦થી વધારે લોકો ઘાયલ થયા હતા.મોતિહારી અને નેપાળમાં છ લોકોની ધરપકડ કરવામાં આવ્યા બાદ હુદા મામલે માહિતી સપાટી પર આવી હતી. હુદા પોતાના નેટવર્કને બ્રજ કિશોર ગિરી ઉર્ફે બાબા, શમ્ભુ ગિરી અને મુજાહિર અંસારીની મદદથી ચલાવી રહ્યો હતો. આ ત્રણેય લોકોને નેપાળમાં પકડી પાડવામાં આવ્યા હતા. બીજી બાજુ બ્રજે બિહારના ત્રણ શખ્સો ઉમાશંકર પટેલ, મોતીલાલ પાસવાન અને મુકેશ યાદવને ત્રણ લાખ રૂપિયા આપ્યા હતા. પૈસા આપવાનો મુખ્ય હેતુ ઈન્દોર-પટણા એક્સપ્રેસ અને સિયાલદાહ-અજમેર એક્સપ્રેસને દુર્ઘટનાગ્રસ્ત કરવાનો હતો. બિહારના આ ત્રણેય શખ્સોએ કબુલાત કરી હતી કે તેઓ નેપાળના એક આઈએસઆઈ એજન્ટ માટે કામ કરી ચુક્યા છે.

## ગુજરાતમાં હાર્દિક શિવસેનાનો ચહેરો : ઉદ્ધવ

### ગુજરાતમાં ગાબડા પાડવા શિવસેનાની તૈયારી : હાર્દિક સાથે ઉદ્ધવ ઠાકરેની ચર્ચા
### મહારાષ્ટ્રમાં ભાજપ સાથે ગઠબંધન નોટિસ પિરિયડ પર : ઉદ્ધવ ઠાકરે

મુંબઈ, તા. ૭

શિવસેના અને ભાજપ વચ્ચેના સંબંધો નવી નીચી સપાટી ઉપર પહોંચી ગયા છે. તેમની વચ્ચે ખેંચતાણનો દોર જારી રહ્યો છે. શિવસેના પ્રમુખ ઉદ્ધવ ઠાકરેએ આજે એવી જાહેરાત કરીને રાજકીય ગરમી લાવી દીધી છે કે, પાટીદાર આંદોલનનું નેતૃત્વ કરનાર હાર્દિક પટેલ ગુજરાત વિધાનસભાની ચૂંટણીમાં પાર્ટીના મુખ્ય ચહેરા તરીકે રહેશે. આ નિવેદનનો રાજકીય મતલબ એ થાય છે કે, હાર્દિક પટેલ શિવસેના તરફથી ગુજરાતના મુખ્યમંત્રી પદના ઉમેદવાર તરીકે રહેશે. શિવસેના ગુજરાતમાં કોઈ રાજકીય કદ ધરાવતી પાર્ટી નથી પરંતુ ભાજપને વધુ મુશ્કેલીમાં મુકવાના હેતુસર આ રણનીતિ અપનાવવામાં આવી રહી છે.



વ્યાપક હિંસા ભડકી ઉઠી હતી. હાર્દિક પટેલની સામે કઠોર કાયદાકીય પગલા લેવામાં આવ્યા હતા જેથી પાટીદાર સમુદાયના લોકો નાખુશ થયા હતા. હાર્દિક પટેલ હજુ પણ ભાજપથી નાખુશ દેખાઈ રહ્યો છે. અત્રે નોંધનીય છે કે, હાર્દિક પટેલ સોમવારના દિવસે મુંબઈ પહોંચ્યો હતો જ્યાં તે બીએમસી ચૂંટણીમાં શિવસેનાના ઉમેદવાર માટે પ્રચાર કરવા માટે પહોંચ્યો હતો. તે ઉદ્ધવને મળવા માટે તેમના આવાસ માતોશ્રી ઉપર પણ પહોંચ્યા હતા. આ અગાઉ હાર્દિકે સંકેત આપ્યો હતો કે, તેમની જેવી વિચારધારા ધરાવનાર લોકો સાથે વાતચીત કરવા માટે તેઓ તૈયાર છે.


ભાજપ અને હાર્દિક પટેલ વચ્ચેના સંબંધો ખુબ જ તંગ રહ્યા છે. ગુજરાતમાં પાટીદાર સમુદાયને અનામત આપવાની માંગણીને લઈને હાર્દિક પટેલે ગુજરાતમાં આંદોલન છેડી દીધું હતું. તે ગાળામાં ગુજરાત સરકારને ખુબ મુશ્કેલી નડી હતી.

ૐકાર ક્લાસીસ
તલાટી-જુ. ક્લાર્ક
ફ્રી MOCK TEST
તા.૬-૦૨-૨૦૧૭ થી ૧૦-૦૨-૨૦૧૭ સુધી, સમય : ૧૧ થી ૨
નોંધ : ફોન પર રજીસ્ટ્રેશન કરાવવું ફરજીયાત છે.
Mo. 9879922620, 9909000388

જોઈએ છે
સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત ગર્લ્સ હૉસ્ટેલ સેક્ટર-૨૩, ગાંધીનગર માટે વાસણ સફાઈ અને ભોજનાલય, રસોડા સફાઈ માટે બહેન / ભાઈ - ૧
સમય : સવારે ૯.૩૦ થી બપોરે ૨.૩૦, સાંજે ૬.૩૦ થી રાત્રે ૯.૦૦
ફિક્સ પગાર માસિક રૂ. ૩૫૦૦
રૂબરૂ મળો : સવારે ૮.૩૦ થી સાંજે ૬.૩૦ સુધી
બી. જી. પટેલ ગર્લ્સ હોસ્ટેલ, સેક્ટર-૨૩
કડી કેમ્પસ, ગેટ નં. ૫, ગાંધીનગર
ફોન નં. : ૦૭૯-૨૩૨ ૪૯૪૮૮ / ૨૩૨ ૨૬૯૩૩

ROOPKALA
The silver shop
માત્ર ચાંદીનો શો-રૂમ
199, District Shopping Center, Nr. Bank of Baroda, Sector - 21, Gandhinagar, Ph.232 48225
તમામ ક્રેડીટ / ડેબીટ કાર્ડ આવકાર્ય

Hi Tech HOSPITAL
શંકુઝ મેડિસિટી, મહેસાણા ની
મોંઢા અને ગળાના કેન્સરની ઓ. પી. ડી. સેવા
હાઈ - ટેક હૉસ્પિટલ, ગાંધીનગર ખાતે !
SMC SHANKU'S MEDICITY "પરિવાર જેવી હૂંફની ખાતરી"
સમસ્યાઓ :
- મોંઢા અને ગળા ના તમામ કેન્સર
- આગળ વધેલા મોંઢા ના કેન્સર અને પાછા થેયલા મોઢા અને ગળાના કેન્સરનો ઈલાજ
- લાંબા સમયથી ન રૂઝાતું ચાંદુ
- લાંબા સમયથી તમાકું કે ગુટખા ખાવાને કારણે મોંઢાનું મુખ ઓછું ખુલવું
- મોંઢામાં સફેદ કે લાલ ચાંદા પડવા
- ગળામાં લાંબા સમય થી રહેલી ગાંઠો
- ખોરાક ગળે થી ન ઉતરવો, તેમજ અવાજ માં બદલાવ આવવો



અમારા મોંઢા અને ગળાના કેન્સર સર્જન ડૉ. નિશાંત ઉપાધ્યાય
ઓ. પી. ડી. શુલ્ક: ₹300/-
નામ નોંધણી માટે સંપર્ક કરો 92280 30555 079 23240555
દર ગુરુવારે સાંજે 6 થી 8
નોંધ : જુના રીપોર્ટ સાથે લઈને આવવા
સ્થળ : હાઈ - ટેક હૉસ્પિટલ, પ્લૉટ નં. 1180, ઘ - 1 1/2 બસ સ્ટેન્ડ ની સામે સેક્ટર 3- ડી, ઘ રોડ, ગાંધીનગર.

